મહેસુલ વિભાગનાં "ઈ-જમીન" પ્રોજેક્ટ હેઠળ ઈન્ડેક્ષ-૨ ની માહિતી ઓનલાઈન મુકવા બાબત

ગુજરાત સરકાર

મહેસુલ વિભાગ

ઠરાવ ક્રમાંક:આરજીએન-૧૦૨૦૧૪-૨૦૮૭-હ.૧

સચિવાલય, ગાંધીનગર

તારીખ:૧૯/૦૨/૨૦૧૫

**વંચાણે લીધા:** નોંધણી સર નિરીક્ષકશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગરના તા.૨૯/૧૦/૨૦૧૪ ના પત્રાંક: ઈજર/ફોટો/પર/૨૦૧૪/૨૬૨૯૬.

## પ્રસ્તાવના:-

મહેસુલ વિભાગમાં "ઈ-જમીન" કાર્યક્રમ અંતર્ગત સબ-રજીસ્ટ્રાર કચેરીઓના કોમ્પ્યુટરાઈઝેશન પ્રોગ્રામને વધુ સુદ્દઢ બનાવવા તથા હાલમાં ઉપલબ્ધ સોફ્ટવેરમાં સુધારા વધારા અને આધુનિક ટેકનોલોજીનો મહત્તમ લાભ લઈ મહેસુલી કામગીરીમાં સરળતા,ઝડપ અને વધુ પારદર્શકતા લાવવાની બાબત સરકારશ્રીની નીતિ અગ્રસ્થાને રહેલ છે. નોંધણી સર નિરીક્ષકશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ઉક્ત સંદર્ભ હેઠળના પત્રથી મહેસુલ વિભાગની ઈ-જમીનની કામગીરી બાબતે સબરજીસ્ટ્રાર કચેરીઓમાં નોંધાયેલ લેખોની અનુક્રમણિકા નં.૨ (ઈન્ડેક્ષ-૨) નો ડેટા ઈન્ટરનેટ ઉપર ઓનલાઈન મુકવા બાબતની દરખાસ્ત રજુ કરેલ જેનો હેતુ રજીસ્ટ્રેશન એક્ટ-૧૯૦૮ ની કલમ-૫૭ મુજબ ઈન્ડેક્ષ-૨ ની શોધ કરવામાં અરજદારો/વકીલો અને જાહેર જનતાને પડતી મુશ્કેલીઓના નિવારણ માટે કાયદાની જોગવાઈઓ અનુસાર જાહેર જનતાને નિયમોનુસાર ચુકવવા પાત્ર થતી શોધ ફી ચુકવીને ઈન્ટરનેટ ઉપર પોતાની અનુકૂળતાએ ઈન્ડેક્ષ-૨ ની વિગત જોઈ શકે અને તેની પ્રિન્ટ પણ પોતાની જાતે કાઢી શકે તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવાનો છે. આ દરખાસ્ત પરત્વે કાળજીપૂર્વકની વિચારણા કરીને GSWAN અને STATE DATA CENTRE નો ઉપયોગ કરી હાલની સોફ્ટવેર વ્યવસ્થામાં નીચે મુજબનાં સુધારા અમલમાં મુકવા નિર્ણય કરવામાં આવેલ છે. આમ, નાગરિકો નોંધાયેલ લેખોની અનુક્રમણિકા નં.૨ (ઈન્ડેક્ષ-૨) ની વિગતો ઈન્ટરનેટ ઉપર સરળતાથી જોઈ શકે તે માટે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠ રા વ:-

ફક્ત GSWAN ઉપર રહેલ કોમ્પ્યુટરમાં જ દેખાય છે.
(૧) હાલમાં ઈન્ડેક્ષ-૨ નો ડેટા ફક્ત GSWAN ઉપર રહેલ કોમ્પ્યુટરમાં જ દેખાય છે. ઈન્ડેક્ષ-૨ રેકર્ડની માહિતી ઈન્ટરનેટ મારફત સહેલાઈથી મળી શકે તે માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. આ વ્યવસ્થામાં ઉક્ત ડેટા (અ) ઈન્ટરનેટ ઉપર ફક્ત Read Only રહેશે. (બ) ઈન્ડેક્ષ-૨ ના નિયત ફોર્મેટ કરતાં અલગ ફોર્મેટ રહેશે. (ક) સત્તાવાર નકલ તરીકે ગણાશે નહી.

(૨) હાલમાં ઈન્ડેક્ષ-૨ ની માહિતી જે તે સબરજીસ્ટ્રાર* કચેરીઓમાંથી મેળવી શકાય છે.પરંતુ હવે, રાજ્યના અન્ય જિલ્લા/તાલુકા/ગામમાં રહેતા પક્ષકારો ઈન્ડેક્ષ-૨ રેકર્ડની વિગતો સંબંધિત કચેરીમાં નિયત ફી ચૂકવીને પોતાની અનુકૂળતાએ સમગ્ર ગુજરાતમાં ગમે તે સ્થળેથી ઈન્ટરનેટ ઉપર જોઈ શકે તેવી વ્યવસ્થા કાર્યાન્વિત કરવાનો નિ[illegible] કરવામાં આવે છે.

(3) ઈન્ડેક્ષ-૨ ના રેકર્ડની સંપૂર્ણપણે પૂર્ણ થયેલી કામગીરી એટલે કે સંપૂર્ણપણે વેરીફિકેશન અને ઓથેન્ટીકેશન થયેલ હોય તે ગરવી (GARVI) વેબ એપ્લીકેશનમાં અપલોડ કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. અને ડેટા લોડ કરતી વખતે ધ્યાનમાં આવતી વ્યવહારિક મુશ્કેલીઓ એન.આઈ. સી. એ નિવારવાની રહેશે.

(૪) આ ઈન્ડેક્ષ-૨ ના ડેટાબેઝમાં વિસંગતતા જણાતો ડેટા યોગ્ય ચકાસણી કરી ફરીથી અપલોડ કરવાનો રહેશે.છતા પણ કોઈ ખામી જણાય તો પ્રવર્તમાનનિયમોનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

(૫) ઉક્ત મુદ્દા ક્રમાંક ૧ થી ૪ અન્વયે જરૂરી કાર્યવાહી નેશનલ ઈન્ફોર્મેટીક્સ સેન્ટર, ગાંધીનગર દ્વારા સત્વરે હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પ્રવિણ ધંધુકીયા)
ઉપ સચિવ
મહેસુલ વિભાગ,ગુજરાત સરકાર

નકલ રવાના:

- માન.મુખ્યમંત્રીશ્રી(મહેસુલ) ના અંગત સચિવશ્રી, મા.મુખ્યમંત્રીશ્રી (મહેસુલ) નું કાર્યાલય,સચિવાલય,ગાંધીન

6/63
1

- અધિક મુખ્ય સચિવશ્રી(મહેસુલ) ના અંગત સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- જમીન સુધારણા કમિશનર અને સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- મહેસુલ તપાસણી કમિશનર અને અગ્રસચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- સેટલમેન્ટ કમિશનરશ્રી અને જમીન દફતર નિયામકશ્રી, સેક્ટર-૧૪, ગાંધીનગર
- સુપ્રિટેંડેંટ ઓફ સ્ટેમ્પ્સ અને ઈન્સ્પેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન, સેક્ટર-૧૪, ગાંધીનગર
- પ્રોજેક્ટ ઓફિસરશ્રી,સ્ટેટ મોનિટરીંગ સેલ, એલ.આર.સી., મહેસુલ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- શ્રી રજનીશ મહાજન, સીનીયર ટેકનીકલ ડાયરેકટર અને સ્ટેટ ઈન્ફોર્મેટીકસ ઓફીસર, નેશનલ ઈન્ફોર્મેટીકસ સેન્ટર, બ્લોક નં. ૧૩, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- ~~સી.આઈ.ઓ. અને સં.સ.શ્રી(સેવા), મહેસુલ વિભાગ, સચિવાલય,ગાંધીનગર~~
- મહેસુલ વિભાગની તમામ શાખાઓ
- સિલેક્ટ ફાઈલ./ના.સે.ચ.ફાઈલ.

ક્રમાંક:ઈજર/ફેટો/૫૨/૨૦૧૪/ ૪૭૩૪, ૬૦૧૩
નોંધણી સર નિરીક્ષકશ્રીની કચેરી
સ્ટેમ્પ અને નોંધણી ભવન,બીજો માળ
"ખ-૫", સેક્ટર-૧૪,ગાંધીનગર.
તા.૨૭/૨/૨૦૧૫

પ્રતિ,
નો.નિ.શ્રી તમામ
સબ-રજી.શ્રી તમામ

૨/- સબરજીસ્ટ્રાર કચેરીઓમાં નોંધાયેલ લેખોની અનુક્રમણિકા નં.૨(ઈન્ડેક્ષ-૨) નો ડેટા ઈન્ટરનેટ ઉપર ઓનલાઈન મુકવા માટેનો ઠરાવ આ સાથે જાણ સારૂ સામેલ છે.

નાયબ નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજ્ય,ગાંધીનગર